સત્યમેવ જયતે

આંક–૧૧

**<u>:: નમુના – અ ::</u>**

## વંથલીના એડી. ચીફ જ્યુડીશ્યલ મેજી. જજ સાહેબની કોર્ટમા, મુ. વંથલી.

## રજુ :– શ્રી એલ. આઇ. ઇંગલે

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૦૧/૦૫/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૧૬૧/૨૦૨૬** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ), ૩૫૧(૩) મુજબ. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૬૮૨૬૦૦૯૧/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | વંથલી. |
| ફરીયાદ પક્ષ | સરકારી શ્રી /મુળ ફરીયાદી – સતીષભાઇ દામજીભાઇ નકુમ |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી કે. બી. ટાંક |
| બચાવ પક્ષ | રફીકભાઇ યુસુફભાઇ જેઠવા<br>ઉ.વ.૪૦, ધંધો–શાકભાજી,<br>રહે. વંથલી, હેઠાણ ફળી, ઘાંચી વાડા. |
| રજુઆત | વિ. વ. શ્રી જે. એચ. વાણવી. |

**<u>:: નમુના – બ ::</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૧/૦૨/૨૦૨૬ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૧/૦૨/૨૦૨૬ |
| આખરી અહેવાલની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| તહોમતનામાની તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |

| | |
|---|---|
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ<br>(લાગુ પડે તો) | -- |

## :: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારખી | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો. કા. સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રફીકભાઇ યુસુફભાઇ જેઠવા | ૨૩/૦૨/૨૦૨૬ | ૨૩/૦૨/૨૦૨૬ | ઉપર મુજબ | | -- | ૨૩/૦૨/૨૦૨૬ થી ૨૩/૦૨/૨૦૨૬ |

## :: નમુનો ક ::

ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી
અ. ફરીયાદ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ. સા. ૧(આંક-૫) | સતીષભાઇ દામજીભાઇ નકુમ | ફરીયાદી |
| ફ. સા. ૨(આંક-૭) | દિપેશભાઇ સતીષભાઇ નકુમ | સાહેદ |

બ. બચાવ પક્ષના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| | | |

ક. ન્યાયલયના સાક્ષી

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા. સા. ૧ | | |

ફરીયાદી / બચાવ /ન્યાયલયના આંકની યાદી

અ. ફરીયાદ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ (ફ.સા.૦૧) | ૦૬ | ફરીયાદ |
| આરોપીના વિ. વ.શ્રી ની સંમતીથી નીચે મુજબના દ.પુ.ને આંક આપવામાં આવેલ છે. | | |
| ૦૧ | ૦૮ | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ. |

બ. બચાવ પક્ષ

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ક. ન્યાયલય આંક

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

ડ. ભૌતીક પદાર્થ :–

| અનુક્રમ નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| | | |

## –:: <u>ચુકાદો</u> ::–

**(૦૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૧/૨/૨૬ ના કલાક ૫–૦૦ વાગ્યાના સુમારે ફરીયાદી અને સાહેદ નં.–૪ બંન્ને વંથલી મેઇન બજારમાં આવેલ શાકમાર્કેટ ખાતે શાકભાજીનું વેચાણ કરતા હોય ત્યારે આરોપીએ ફરીયાદી પાસેથી જુદા જુદા શાકભાજીની ખરીદી કરેલ જેમાં તેણે મકાના ડોડાના ઝભલાની પણ ખરીદી કરી આ ઝભલાની અડધી કિંમતમાં માંગણી કરતાં ફરીયાદીએ આરોપીને ડોડાના ઝભલા આપવાની ના પાડતાં આરોપીએ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને મન ફાવે તેમ ભુંડી ગાળો, શરીરે આડેધડ

ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપેલ.

**(૦૨)** વંથલી પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૬૮૨૬૦૦૯૧ /૨૦૨૬ ગુન્હાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ) તથા ૩૫૧(૩) મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલું.

**(૦૩)** આ કામે આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેમના વિ. વ. શ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં બી. એન. એસ. ની કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.

**(૦૪)** ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી આંક–૦૪ થી પ્લી નોંધતા, તેઓએ ફરીયાદ પક્ષનાં કેસનો ઈન્કાર કરી ગુન્હો કબુલ નથી તેમ જણાવતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૦૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ વધુ કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી અને આંક–૧૦ ના કલોઝીંગ પુરસીસના આધારે ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓનું બી. એન. એસ. એસ. ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા પાત્ર ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી અને બાદ દલીલો સાંભળી કામ આખર નિકાલ માટે મુલત્વી રાખવામાં આવેલ.

**(૦૬)** આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૧/૨/૨૬ ના કલાક ૫–૦૦ વાગ્યાના સુમારે ફરીયાદી અને સાહેદ નં.–૪ બંન્ને વંથલી મેઇન બજારમાં આવેલ શાકમાર્કેટ ખાતે શાકભાજીનું વેચાણ કરતા હોય ત્યારે આરોપીએ ફરીયાદી પાસેથી જુદા જુદા શાકભાજીની ખરીદી કરેલ જેમાં તેણે મકાના ડોડાના ઝભલાની પણ ખરીદી કરી આ ઝભલાની અડધી કિંમતમાં માંગણી કરતાં ફરીયાદીએ આરોપીને ડોડાના ઝભલા આપવાની ના પાડતાં આરોપીએ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને મન ફાવે તેમ ભુંડી ગાળો, શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી મુંઢ ઇજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ) તથા ૩૫૧(૩) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૦૭)** ઉપરોકત મુદદા પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદા નંબર ૧ :–**

**(૦૮)** ફરીયાદ પક્ષે આરોપીઓ સામે બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ) તથા ૩૫૧(૩) મુજબનું તહોમત મુકેલ છે. ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્ટના સિધ્ધાંત મુજબ ફરીયાદ પુરવાર કરવાનો સદંતર બોજો ફરીયાદ પક્ષનો હોય છે. ફરીયાદ પક્ષનાં કેસમાં પડેલ પુરાવાનું વિશ્લેષણ કરતા પહેલા

ફરીયાદ જે આંક-૦૬ થી રજુ છે તે ધ્યાને લઈએ તો ફરીયાદી પોતે ભોગ પામનાર છે. આમ, તેમનો પુરાવો મહત્વનો બને છે. ફરીયાદ પક્ષે ફરીયાદીને આંક-૦૫ થી તપાસેલ છે તેમનો પુરાવો નીચે મુજબ છે.

બનાવ આજથી ત્રણ ચાર માસ પહેલા બનેલો. હું માર્કેટમાં શાકભાજીનો વેપાર કરૂ છુ અને મારી સાથે મારો દીકરો વેપારમા મદદ કરે છે. હુ તથા મારો દીકરો સવારના પાંચેક વાગ્યે અમારી દુકાન ખોલીએ છીએ અને આજુબાજુના ખેડુતો પાસેથી શાકભાજી લઈને રીટેલમાં વેચાણ કરીએ છીએ રફીકભાઈ અમારે ત્યા શાકભાજી લેવા આવતા હતા પણ છેલ્લા પાંચ છ દીન થી શાકભાજી અડધી કીમતમા માંગણી કરતા તેથી મે શાકભાજી આપવાની ના પાડેલ શાકભાજી જોવાના બહાને રફીકભાઈ શાકભાજી રસ્તામાં ઘા કરતા અને આવુ અઓ એ મુંગા મોઢે સહન કરેલ આજથી બે ત્રણ માસ પહેલા હુ તથા મારો દીકરો અમારી શાકભાજીની પેઢીએ સવારના પાંચ વાગે ધંધો કરવા હાજર હતા ત્યારે રફીકભાઈ શાકભાજી લેવા આવેલ અને પાલક ટમેટા તથા મકાઈના ડોડાની ખરીદી કરેલ હતી રફીકભાઈએ મકાઈના ડોડાના ઝબલાના ચાલીસ રૂપીયા ગણવા કહેલ પણ ઝબલામાં સૌ રૂપીયા હોય અને મને પોસાતુ ન હોય મેં ના પાડેલ તેથી મારે અને આ રફીકભાઈને સામાન્ય બોલાચાલ થયેલ જેના કારણસર મારો દીકરો તથા આજુબાજુના શાકભાજીના વેપારી તેમજ શાકભાજી ખરીદનાર આવનાર લોકો ભેગા થઈ ગયેલ અને ધકકામુકકી થવા લાગેલ અને કોઈનો ધકકો મને લાગી જતા અને પડી જવાથી ગાલ પર તેમજ શરીરે નાની મોટી ઈજા થયેલ હતી. મારો દીકરે દીપેશ ત્યા હાજર હોય તેણે મને બચાવેલ હતો. આ રફીકભાઈએ મકાઈના ડોડાના ઝબલા ના રૂપીયા ચુકવવા ના પાડેલ હોય મેં રફીકભાઈ સામે બોલાચાલીની તથા પૈસા નહી ચુકવવાની કરીયાદ કરેલ જે પોલીસે પોતાની જાતે ફરીયાદ લખી લીધેલ અને મને સહી કરવાનુ કહેતા મેં સહી કરી આપેલ મને ફરીયાદ બતાવામા આવે છે જેમા મારી સહી છે જે રજુ દા.આંક-૫.

આરોપીને ઓળખું છું. કોર્ટમાં હાજર છે.

(૮.૧) બચાવ પક્ષ દવારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી /ભોગ બનનાર એ વાત કબુલ રાખે છે કે, આરોપીઓએ તેને કોઈ ઢીકાપાટુનો

માર મારેલ નથી કે ભુંડી ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે ગાલ પર વીચકો ભરી લીધેલ હોય એવું બનેલ નથી. વધુ એ વાત પણ કબુલ રાખેલ કે, તેણે પોલીસને સામાન્ય બોલાચાલી તથા રફીકભાઈએ શાકભાજીના પૈસા ન આપેલ હોય તેવી ફરીયાદ લખાવેલ જે પોલીસે પોતાની જાતે ફરીયાદ લખેલ, વાંચી સંભળાવેલ નહી અને સહી કરવાનું કહેતા તેણે સહી કરી આપેલ.

**(૮.૨)** હવે ફરીયાદીના પુરાવાનું વિશ્લેષણ કર્યે તો આરોપીએ ફરીયાદીને ઢીકાપાટુનો માર મારેલ નથી. આમ, ફરીયાદી / ભોગ બનનારના પુરાવાનું વિશ્લેષણ કર્યે તો સવ પ્રથમ ગાળોના અસલ શબ્દો રેકર્ડ પર આવતા નથી કે ફરીયાદીને ભયની ઘંટડી વાગેલ હોય તેવું તેમના આંક-૫ ના પુરાવામાં વિદીત થતું નથી. તેથી. બી. એન. એસ. ની કલમ-૨૯૬(ખ) તથા ૩૫૧(૩) મુજબનો ગુન્હો નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના પ્રસ્થાપિતા કરેલ સ્ધિધાંત મુજબ પુરવાર માની શકાય નહી. વધુ ફરીયાદીના પુરાવા મુજબ આરોપીઓએ તેમને કોઈ માર મારેલ હોય તેવું પણ વિદીત થતું નથી. ઉલટ ધકકામુકકીમાં પડી જવાથી ઈજા થયેલ હોવાનું ફલીત થાય છે. આમ, આરોપીએ ફરીયાદીને મન ફાવે તેમ ભુંડી ગાળો આપી, શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોય તેવું ફરીયાદી પોતે જણાવતા ન હોય ત્યારે આરોપી સામે બી. એન. એસ. ની કલમ-૧૧૫(૨), ૨૯૬(ખ) તથા ૩૫૧(૩) પુરવાર માની શકાય નહી.

**(૦૯)** ફરીયાદપક્ષ ધ્વારા ફરીયાદીના પુત્ર દિપેશભાઈ સતીષભાઈ નકુમને આંક-૭ થી તપાસેલ છે, તેઓ પણ ફરીયાદીને ધકામુકીમાં પડી જવાથી

ઈજા થયેલાનું જણાવે છે. આ ફરીયાદીના પુત્ર છે અને નજરે જોનાર સાહેદ છે તેથી તેમનો પુરાવો ન માનવાને કોઈ કારણ નથી.

**(૧૦)** બચાવ પક્ષે બનાવવાળી જગ્યાનું પંચનામું (આંક–૮) કબુલ મંજુર રાખેલ છે. આ સમર્થનકારક પુરાવો છે પણ હાલના કેસમાં જયારે ડાયરેકટ એવીડન્સનો જ પુરાવો આવતો ન હોય ત્યારે આરોપીઓ સામેનો ગુન્હો પુરવાર માની શકાય નહી.

**(૧૧)** ફરીયાદ પક્ષે ત્યારબાદ, બીજા કોઈ સાહેદ તપાસેલ નથી અને આંક–૧૦ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

**(૧૨)** હાલના કેસમાં સામાન્ય બોલાચાલી થયેલાનું અને તે સીવાય બીજું કશું બનેલ નહી હોવાનું રેકર્ડ પર આવતું હોય ત્યારે આરોપીએ ફરીયાદીને મનફાવે તેમ ભુંડી ગાળો બોલી, ઢીકાપાટુનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું માની શકાય નહી તેથી આરોપીઓ સામે બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ) તથા ૩૫૧(૩) મુજબનો ગુન્હો પુરવાર માની શકાય નહી. તેથી મુદા નં.–૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

**(૧)** હાલના આરોપી રફીકભાઈ યુસુફભાઈ જેઠવા રહે. વંથલીવાળાને બી. એન. એસ. એસ. ની કલમ–૨૭૮ અન્વયે બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨), ૨૯૬(ખ) તથા ૩૫૧(૩) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** હાલના આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપીયા દશ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તા.૧ લી માહે મે સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા.૦૧/૦૫/૨૦૨૬.

**(એલ. આઈ. ઇંગલે)**
**એડી. ચીફ જયુડી. મેજી., વંથલી.**
**કોડ નં.જીજે૦૧૩૭૨.**